GOVERNMENT OF GUJARAT

LEGAL DEPARTMENT

# Bombay Act No. VIII of 1867

## The Bombay Village Police Act, 1867

*( As modified upto 31st December 1978 )*

ગુજરાત સરકાર

કાયદા વિભાગ

# સન ૧૮૬૭નો મુંબઈ અધિનિયમ નંબર ૮

## મુંબઈ ગ્રામ પોલીસ અધિનિયમ, ૧૮૬૭

( સન ૧૯૭૮ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખ સુધી સુધાર્યા પ્રમાણે )

૧૯૮૩
સરકારી પ્રેસ,
ભાવનગર.

[ કિંમત રૂ. ૧-૬૦ પૈસા ]

# મુંબઈ ગ્રામ પોલીસ અધિનિયમ, ૧૮૬૭.

## અનુક્રમણિકા


પ્રસ્તાવના

કલમો.

૧. અર્થઘટનની કલમ.

૨. વ્યાપ્તિ.

૩. ગ્રામ-પોલીસનો બંદોબસ્ત, નિયંત્રણ અને સંચાલન કોને હસ્તક રહેશે.

૪. ગ્રામ-પોલીસ અધિકારી ઉપરનો અધિકાર જિલ્લા સુપરિન્ટેન્ડન્ટને સોંપવાની સત્તા.

૫. ગામોમાં ગ્રામ-પોલીસ, પોલીસ પટેલના ચાર્જ હેઠળ રહેશે.
પોલીસ પટેલની નિમણૂક.

નગર અથવા સ્થળના જુદા જુદા વિભાગો માટે પોલીસ પટેલો નીમી શકાશે.

૬. પોલીસ પટેલની ફરજો.

૭. ગામના નોકરો ઉપર અધિકાર.

૮. લૂંટ વગેરે સામે રાવચેતી.

૯. ફરજની ગફલત વગેરે કરવા માટે શિક્ષા.

૯.-ક. ફોજદારી કામ ચલાવવાની પાત્રતાને અસર થશે નહિ.
ઈન્સાફી કાર્યવાહી દરમિયાન નોકરીમાંથી મોકૂફ રાખવાની સત્તા.

૧૦. ગામમાં ગુનો કરીને ગુનેગાર નાસી ગયો હોય અથવા તે મળતો ન હોય, તો જિલ્લા પોલીસ સ્ટેશનનો ચાર્જ ધરાવતા અધિકારીને માહિતી મોકલવી.

૧૧. ગામમાં કોઈ વ્યકિત અકુદરતી અથવા અકસ્માતથી મૃત્યુ પામે, અથવા ગામમાં શબ મળી આવે તો, પંચનામું કરવા બાબત.

પંચમાં બેસવાની ના કહે અથવા ગફલત કરે તો શિક્ષા થશે.

તપાસ કરવા માટે શબ સૌથી નજીકના સિવિલ સર્જન વગેરેને કયારે મોકલવું.

પોલીસ-સ્ટેશનનો ચાર્જ ધરાવતા અધિકારી શબ બાળવાની અનુમતિ આપે નહિ ત્યાં સુધી શબ બાળવામાં વિલંબ કરી શકાય.

૧૨. કોઈ વ્યકિતએ ગંભીર ગુનો કર્યો હોવાનું પોલીસ-પટેલ માનતો હોય ત્યારે તેને પકડવાનો પોલીસ-પટેલનો અધિકાર.

પકડેલી વ્યકિતને પોલીસ સ્ટેશને મોકલવા બાબત.

# BOMBAY ACT No. VIII OF 1867

## [The Bombay Village Police Act, 1867]

સન ૧૮૬૭નો મુંબઈ અધિનિયમ નંબર ૮[1]

[ મુંબઈ ગ્રામ-પોલીસ આધનિયમ, ૧૮૬૭. ]

[ ૨૧ મી ડિસેમ્બર, ૧૮૬૭ ]

સન ૧૮૭૩ના ૧૨મા અધિનિયમથી અંશત: રદ કર્યો;
સન ૧૮૭૬ના ૧૨મા અધિનિયમથી અંશત: રદ કર્યો;
સન ૧૮૮૬ના મુંબઈના ૩ જા અધિનિયમથી અંશત: રદ કર્યો;
સન ૧૯૪૯ના મુંબઈના ૨૮ મા અધિનિયમથી અંશત: રદ કર્યો;

સન ૧૮૮૯ના મુંબઈના ૧લા અધિનિયમથી (સ્થાનિક અમલ પૂરતો અને કામચલાઉ) અંશત રદ કર્યો;

સન ૧૮૭૬ના મુંબઈના ૧ લા અધિનિયમથી—(સનં ૧૮૯૧ના મુંબઈના ૧લા અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના) સન ૧૮૮૬ ના મુંબઈના ૩ જા અધિનિયમથી; સન ૧૯૦૫ના મુંબઈના ૪થા અધિનિયમથી; સન ૧૯૧૫ના મુંબઈના ૩ જા અધિનિયમથી અને સન ૧૯૨૫ના મુંબઈના ૯ મા અધિનિયમથી સુધાર્યો;

સન ૧૮૯૦ના મુંબઈના ૪ થા અધિનિયમથી પૂર્તિ કરી;
એડપ્ટેશન ઓફ ઈન્ડિયન લૉઝ ઓડર ઈન કાઉન્સિલથી સુધાર્યો:
*સન ૧૯૪૫ના મુંબઈના ૧૭ મા અધિનિયમથી સુધાર્યો;
સન ૧૯૪૭ના મુંબઈના ૧૮ મા અધિનિયમથી સુધાર્યો;
સન ૧૯૫૦ના મુંબઈના ૮ મા અધિનિયમથી સુધાર્યો;
કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૫૦થી સુધાર્યો;
સન ૧૯૫૧ના મુંબઈના ૨૩ મા અધિનિયમથી સુધાર્યો;
ગુજરાત રાજ્ય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૬૦થી સુધાર્યો;

---

સન ૧૮૬૭ નો મુંબઈ નો ૭મો. સન ૧૯૪૯ નો સૌરાષ્ટ્ર નો અધ્યાદેશ ૩૨મો

૧. ઉદ્દેશો અને કારણો માટે મુંબઈ રાજ્યપત્ર, ૧૮૬૭ના ભાગ-૫, પાનું ૬૬ જુઓ; પ્રવર સમિતિના રીપોર્ટ માટે તેનું પાનું ૭૮ જુઓ અને કાઉન્સિલની કાર્યવાહી માટે તેનાં પાનાં ૯૪ અને ૩૫૮ જુઓ.

+ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સન ૧૯૫૧નો મુંબઈનો ૨૨મો)ની કલમ ૧૬૮ નીચે પ્રમાણે વાંચવી :—

"૧૬૮. આ અધિનિયમમાંના કોઈપણ મજકૂરથી મુંબઈના ગામની પોલીસ બાબતના અધિનિયમ, ૧૮૬૭ના, મુંબઈ રાજ્યના કચ્છ વિસ્તારમાં અમલમાં હોય તેવા તે અધિનિયમ અથવા સૌરાષ્ટ્ર ગામની પોલીસ બાબતના અધ્યાદેશ, ૧૯૪૯ના અથવા રાજ્યના કોઈપણ ભાગમાં અમલમાં હોય તેવા તત્સમાન કોઈ કાયદાની જોગવાઈઓને અથવા અનામત પોલીસના સંબંધમાં કરવામાં આવે તેવા કોઈ કાયદાને બાધ આવશે નહિ.

*આ અધિનિયમ ફરી કરવામાં આવ્યો છે અને સદરહુ અધિનિયમની કલમ ૯ અને અનુસૂચિ ચ થી કરેલા સુધારા સન ૧૯૪૭ના મુંબઈના ૫૨મા અધિનિયમની કલમ ૨ થી અમલમાં ચાલુ રહ્યાં છે.

કલમો :—

૧૩. સાક્ષીઓ બોલાવવાની, તપાસવાની, પુરાવો નોંધવાની અને સંતાડેલી ચીજો માટે જપ્તી લેવાની સત્તા.

બીજાં ગામોની હદમાં દાખલ થવાની સત્તા.

૧૪. (રદ કરી)

૧૫. (રદ કરી)

૧૬. (રદ કરી)

૧૭. (રદ કરી)

૧૮. (રદ કરી)

૧૯. નધણિયાતી મિલકત.

૨૦. આ અધિનિયમ મુજબ શિક્ષા પાત્ર ગુના માટે બીજા વિનિયમો, વગેરે મુજબ ફરિયાદ ચાલી શકશે.

૨૧. પોલીસ-પટેલ ગેરહાજર રહે, એકાએક માંદો પડે, વગેરે માટેની જોગવાઈ.

૨૨. જિલ્લા પોલીસ સ્ટેશનની વ્યાખ્યા.

૨૩. (રદ કરી)

૨૪. ટૂંકી સંજ્ઞા.

૨૫. રદ કરવા બાબત અને અપવાદ.

સન ૧૯૬૧ ના ગુજરાતના ૩૪ મા અધિનિયમથી સુધાર્યો.
સન ૧૯૬૪ના ગુજરાતના ૧૫મા અધિનિયમથી સુધાર્યો.

મુંબઈ ઈલાકામાં ગ્રામ-પોલીસનું નિયમન કરવા બાબત અધિનિયમ.

**પ્રસ્તાવના.** મુંબઈ ઈલાકામાં ગ્રામ-પોલીસના નિયમન માટે જોગવાઈ કરવી ઈષ્ટ છે; તેથી નીચે પ્રમાણે અધિનિયમ કરવામાં આવે છે :—

**અર્થઘટનની કલમ.** ૧. ૧**"જિલ્લા સુપરિન્ટેન્ડન્ટ" અને "મદદનીશ પોલીસ સુપરિન્ટેન્ડન્ટ",૨[અને "પોલીસ અધિકારી"], એ શબ્દો આ અધિનિયમમાં જ્યાં વપરાયા છે ત્યાં તેમનો અર્થ ૩[મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ મુજબ તે રીતે નિમાયેલા અથવા નિમાયેલા ગણાતાં અધિકારીઓ] થાય છે એમ સમજવું. **સન ૧૯૫૧ નો મુંબઈ નો ૨૨મો.**

૪["એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ" એ શબ્દો આ અધિનિયમમાં જ્યાં વપરાયા છે ત્યાં તેમનો અર્થ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮માં થતો હોય તે જ કરવો.] **સન ૧૮૯૮ નો ૫મો.**

**વ્યાપ્તિ.** ૫[૨. મુંબઈ ગ્રામ-પોલીસ (ગુજરાત વ્યાપ્તિ અને સુધારા) અધિનિયમ, ૧૯૬૧ થી શરૂ થયેથી અને તે શરૂ થાય ત્યાંરથી આ અધિનિયમ, ગુજરાત રાજ્યના જે ભાગને તે આવી શરૂઆત પહેલાં લાગુ પડતો નહોતો તે ભાગને પણ લાગુ પડશે.] **સન ૧૯૬૧ ગુજરાત નો ૩૪મો.**

**ગ્રામ પોલીસ નો બંદોબસ્ત, નિયંત્રણ અને સંચાલન કોને હસ્તક રહેશે.** ૩. દરેક જિલ્લામાં ગ્રામ-પોલીસ ઉપર દેખરેખ ૬**૭[રાજ્ય સરકાર]ના નિયંત્રણ અને આદેશ પ્રમાણે જિલ્લા મેજિસ્ટ્રેટ રાખશે અને તેઓ ૬**૭[રાજ્ય સરકાર]ની મંજૂરીથી પૂરેપૂરી સત્તા ભોગવતા જે મેજિસ્ટ્રેટ, મદદનીશ અથવા નાયબ કલેક્ટર તરીકેના મહેસૂલી ચાર્જ સંભાળતા હોય તે મેજિસ્ટ્રેટને તે કામનો કોઈ ભાગ સોંપી શકશે.

---

૧. "પોલીસ કમિશનર" એ શબ્દો સન ૧૮૯૧ના મુંબઈના ૧લા અધિનિયમની કલમ ૨(ક) (૧) થી સુધારેલા મુંબઈ સામાન્ય કલમ અધિનિયમ, ૧૮૮૬ (સન ૧૮૮૬ના મુંબઈના ૩ જા) થી રદ કર્યા છે. આ બન્ને અધિનિયમો હાલ રદ થયા છે તો પણ મુંબઈ સામાન્ય કલમ અધિનિયમ, ૧૯૦૪ના પરિશિષ્ટ તરીકે છપાયેલી સન ૧૮૮૬ના મુંબઈના ૩જા અધિનિયમની અનુસૂચિ ખ- જુઓ.

૨. સન ૧૯૬૧ ના ગુજરાતના ૩૪મા અધિનિયમની કલમ ૨(૧)થી "પોલીસ અમલદાર" તથા "જિલ્લાની પોલીસ" એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૩. એજનની કલમ ૨(૨)થી "મુંબઈ જીલ્લા પોલીસ અધિનિયમો, ૧૮૬૭ અને ૧૮૯૦ પ્રમાણે નીમેલા" એ શબ્દો અને આંકડાને બદલે આ શબ્દો અને આંકડા મૂકયા છે.

૪. સન ૧૯૫૧ના મુંબઈના ૨૩મા અધિનિયમની કલમ ૨ની અનુસૂચિ, ભાગ ૩થી આ પરિચ્છેદ ઉમેર્યો છે.

૫. સન ૧૯૬૧ના ગુજરાતના ૩૪મા અધિનિયમની કલમ ૩ થી કલમ ૨ દાખલ કરી છે.

૬. મુંબઈ સામાન્ય કલમ અધિનિયમ, ૧૮૮૬ (સન ૧૮૮૬ના મુંબઈના ૩જા)ની અનુસૂચિ ખ થી "પોલીસ" એ શબ્દ રદ કર્યો છે. આ અનુસૂચિ, મુંબઈ સામાન્ય કલમ અધિનિયમ, ૧૯૦૪ (સન ૧૯૦૪ના મુંબઈના ૧લા)ના પરિશિષ્ટ તરીકે છપાઈ છે.

૭. સન ૧૯૬૪ના ગુજરાતના ૧૫મા અધિનિયમની કલમ ૪ની અનુસૂચિથી "કમિશનર" એ શબ્દને બદલે આ શબ્દો મૂકયા છે.

૪. કોઈ જિલ્લા મેજિસ્ટ્રેટ પોલીસના હેતુઓ માટે ગ્રામ પોલીસ-અધિકારી ઉપર વાપરી શકે તે અધિકાર જિલ્લા મેજિસ્ટ્રેટ ૧***ર[રાજ્ય સરકાર]ની મંજૂરીથી જિલ્લા પોલીસ સુપરિસ્ટેન્ડન્ટને સોંપે તો તે કાયદેસર ગણાશે.

ગ્રામ પોલીસ અધિકારી ઉપરનો અધિકાર જિલ્લા સુપરિન્ટેડન્ટને સોંપવાની સત્તા.

૫. (૧) દરેક ગામમાં ગ્રામ-પોલીસ ૩[૪[રાજ્ય] સરકાર]૫** પોલીસ પટેલ તરીકે લેખિત રીતે નીમે તે વ્યકિતના ચાર્જ હેઠળ રહેશે, અને ૧**૬[૪[રાજ્ય] સરકાર]ને ગામના વિસ્તારના કારણે અથવા બીજા કોઈ વાજબી કારણે જુદી જુદી નિમણૂંક કરવાનું યોગ્ય લાગે નહિ તો, ૬[૪[રાજ્ય] સરકાર] મહેસૂલ પટેલની ફરજો બજાવતી વ્યકિતને પોલીસ પટેલ તરીકે નીમશે.

ગામોમાં ગ્રામ-પોલીસ, પોલીસ-પટેલના ચાર્જ હેઠળ રહેશે.

(૨) નિમણૂક કરતી વખતે ૭[૪[રાજ્ય] સરકારે] વંશપરંપરાગત હોદ્દેદારોની નોકરી અંગે નિયમન કરવા માટે અમલમાં હોય તે ૮***જોગવાઈઓ, લાગુ પડતી હોય તેટલે સુધી લક્ષમાં રાખવી જોઈએ. પરંતુ મહેસૂલ પટેલને પોલીસ પટેલ નીમ્યો ન હોય અને એકથી વધારે વ્યકિતઓ વંશપરંપરાગત હક હોવાને કારણે સદરહુ ફરજો વારાફરતી અથવા બીજી રીતે બજાવવા માટે દાવો કરે ત્યારે ૬[૪[રાજ્ય] સરકાર] તેમાંથી સૌથી લાયક વ્યકિતને નીમે તો તે કાયદેસર ગણાશે.

પોલીસ પટેલની નિમણૂક.

---

૧. મુંબઈ સામાન્ય કલમ અધિનિયમ, ૧૮૮૬ (સન ૧૮૮૬ ના મુંબઈના ૩ જા)ની અનુસૂચિ ખ થી અસલ શબ્દો રદ કર્યા છે, આ અનુસૂચિ, મુંબઈ સામાન્ય કલમ અધિનિયમ, ૧૯૦૪ (સન ૧૯૦૪ના મુંબઈના ૧લા) ના પરિશિષ્ટ તરીકે છપાઈ છે.

૨. સન ૧૯૬૪ના ગુજરાતના ૧૫મા અધિનિયમની કલમ ૪ ની અનુસૂચિથી "કમિશનર" એ શબ્દને બદલે આ શબ્દો મૂકયા છે.

૩. એડેપ્ટેશન ઓફ ઈન્ડિયન લોઝ ઓર્ડર ઈન કાઉન્સિલથી "જિલ્લા મેજિસ્ટ્રેટ" એ શબ્દો ને બદલે "પ્રાંતિક સરકાર" એ શબ્દો મૂકયા છે.

૪. કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૫૦ થી "પ્રાંતિક" એ શબ્દને બદલે આ શબ્દ મૂકયો છે.

૫. મુંબઈ વિકેન્દ્રીકરણ અધિનિયમ, ૧૯૧૫ (સન ૧૯૧૫ના મુંબઈના ૩ જા)થી અસલ મજકૂર કાઢી નાંખ્યો છે.

૬. એડેપ્ટેશન ઓફ ઈન્ડિયન લોઝ ઓર્ડર ઈન કાઉન્સિલથી "કમિશનર" એ શબ્દને બદલે "પ્રાંતિક સરકાર" એ શબ્દો મૂકયા છે.

૭. એજનથી "સદરહુ મેજિસ્ટ્રેટ" એ શબ્દોને બદલે "પ્રાંતિક સરકારે" એ શબ્દો દાખલ કર્યા છે.

૮. કાયદા રદ કરવા બાબતના અધિનિયમ, ૧૮૭૬ (સન ૧૮૭૬ ના ૧૨મા) થી અસલ મજકૂર કાઢી નાંખ્યો છે.

**નગર અથવા સ્થળના જુદા જુદા વિભાગો માટે પોલીસ પટેલો નીમી શકાશે.**

(૩) કોઈ નગર અથવા સ્થળે એક પોલીસ પટેલ કાર્યક્ષમ રીતે ફરજો બજાવી શકે નહિ, તો ૧**૨**૩[૪[રાજ્ય] સરકાર] તે નગર અથવા સ્થળના જુદા જુદા વિભાગો માટે પૂરતી સંખ્યામાં પોલીસ પટેલો નીમી શકશે.

૫[(૪) આ કલમ હેઠળની રાજ્ય સરકારની સત્તા જિલ્લા મેજિસ્ટ્રેટ પણ વાપરી શકશે.]

**પોલીસ પટેલની ફરજો.**

૬. જિલ્લા મેજિસ્ટ્રેટના હુકમોને અધીન રહીને પોલીસ પટેલે જેની સ્થાનિક હકૂમતની અંદર તેનું ગામ આવેલું હોય તે ૬[કોઈ બીજા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટના] હુકમો મુજબ કામ કરવું જોઈશે, અને માગવામાં આવેલા પત્રકો અને માહિતી તેને પૂરી પાડવી જોઈશે, અને ગુનાની પરિસ્થિતિ અને ગ્રામ-પોલીસ સાથે સંકળાયેલી તમામ બાબતો વિષે અને પોતાના ગામના લોકોના આરોગ્ય અને સામાન્ય સ્થિતિ વિશે સતત ખબર આપવી જોઈશે.

પોલીસ અધિકારીઓ પોતાની ફરજો બજાવવામાં તેની પાસે મદદ માંગે ત્યારે તેણે પોતાનાથી બનતી બધી મદદ તેમને કરવી જોઈશે.

કોઈ મેજિસ્ટ્રેટ અથવા પોલીસ અધિકારીએ પોલીસ-પટેલ ઉપર મોકલાવેલા તમામ હુકમો અને વોરંટનું દૂણે તરત પાલન કરી અમલમાં લાવવા જોઈશે અને જાહેર શાંતિને સ્પર્શતી માહિતી ૭[જે પોલીસ સ્ટેશનની હદમાં ગામ આવેલું હોય તેના ઈન્ચાર્જ પોલીસ અધિકારીને] મોકલવી જોઈશે અને પોતાના ગામની હદમાં ગુના અને જાહેર ત્રાસદાયક કૃત્યો થતાં અટકાવવાં જોઈશે, અને ગુનેગારોને શોધી કાઢીને તેમનો ન્યાય કરવા માટે મોકલવાં જોઈશે.

**ગામના નોકરો ઉપર અધિકાર.**

૭. પોતાને સોંપાયેલી ફરજો બજાવવામાં પોલીસ પટેલને ગામના તમામ નોકરો સામાન્ય રીતે ગમે તે કામ કરતાં હોય તો પણ તેમની મદદ માંગવાનો અધિકાર રહેશે; અને પોલીસ પટેલ તમામ પત્રકો તથા કાર્યવાહીઓ લખી તૈયાર કરવાની ફરજ ગામના વંશપરંપરાગત અથવા વૈતનિક તલાટીની રહેશે.

---

૧. મુંબઈ સામાન્ય કલમ અધિનિયમ, ૧૮૮૬ (સન ૧૮૮૬ના મુંબઈના ૩જા)ની અનુસૂચિ ખ થી અસલ શબ્દો રદ કર્યા છે. આ અનુસૂચિ મુંબઈ સામાન્ય કલમ અધિનિયમ, ૧૯૦૪ (સન ૧૯૦૪ ના મુંબઈના ૧લા)ના પરિશિષ્ટ તરીકે છપાઈ છે.

૨. એડેપ્ટેશન ઓફ ઈન્ડિયન લોઝ ઓર્ડર ઈન કાઉન્સિલથી" કમિશનરની સંમતિથી" એ શબ્દો કાઢી નાંખ્યા છે.

૩. એજનથી "જિલ્લા મેજિસ્ટ્રેટ" એ શબ્દોને બદલે "પ્રાંતિક સરકાર" એ શબ્દો મુકયા છે.

૪. કાયદા સુસંગતીકરણ હુકમ ૧૯૫૦થી "પ્રાંતિક" એ શબ્દને બદલે આ શબ્દ મુકયા છે.

૫. સન ૧૯૬૧ ના ગુજરાતના ૩૪મા અધિનિયમની કલમ ૪થી પેટા-કલમ(૪) દાખલ કરી છે.

૬. સન ૧૯૫૧ના મુંબઈના ૨૩મા અધિનિયમની કલમ, ૨, અનુસૂચિના ભાગ-૩થી અસલને બદલે આ શબ્દો દાખલ કર્યા છે.

૭. સન ૧૯૬૧નાં ગુજરાતના ૩૪મા અધિનિયમની કલમ ૫થી "જિલ્લા પોલીસને" એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૮. લૂંટ, શાંતિનો ભંગ અને લોકો તથા ગ્રામ સમાજને નુકશાન પહોંચાડનારા કૃત્યો થાય નહિ તેની બને તેટલી સલામતી રાખવા માટે પોલીસ પટેલ ગામના પોલીસ મહેકમની વ્યવસ્થા કરવી જોઈશે અને સદરહુ મહેકમના કોઈ સભ્યે કરેલી ગેરવર્તણૂક અથવા ગફલતની હકીકતો, પોલીસ પટેલે ૧[જે એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટની] સીધી હકૂમત હેઠળ પોતે હોય તેને જણાવવી જોઈશે. લૂંટ વગેરે સામે સાવચેતી.

૨[૯. કોઈ પોલીસ-પટેલ અથવા ગામના પોલીસ મહેકમના જે કોઈ સભ્ય પોલીસની ફરજો બજાવવા માટે બોલાવવાને પાત્ર થાય તે સભ્ય તે ફરજો બજાવવામાં બેકાળજી અથવા ગફલત કરે, તો તે ૩[જિલ્લા મેજિસ્ટ્રેટના] હુકમ મુજબ પોતાના હોદ્દાના વાર્ષિક મળતરના વધુમાં વધુ એક ચતુર્થાંશ જેટલી રકમ સુધી તે દંડને પાત્ર થશે. ફરજની ગફલત વગેરે કરવા માટે શિક્ષા.

તેના ઉપર ફરજ-ચ્યુત અથવા નિયમનો ભંગ કરવાનું અથવા બીજી ગેરવર્તણૂકનો આરોપ મૂકવામાં આવ્યો હોય, અને તે માટે ભારે સજા કરવી એવું મેજિસ્ટ્રેટને જરૂરી લાગે, તો તે એવા આરોપની તપાસ દરમિયાન તેને હોદ્દામાંથી મોકફ કરી શકશે. અને તેવી તપાસ પૂરી થયા પછી, સદરહુ મેજિસ્ટ્રેટ, એવી શિક્ષાપાત્ર વર્તણૂક માટે તેને દોષિત ગણે, તો તેને વધુમાં વધુ છ મહિના સુધીની મુદત સુધી હોદ્દામાંથી મોકૂફ કરી શકશે, અથવા જતિને બરત કરી શકશે :

પરંતુ રાજ્ય સરકારે નીમેલા પોલીસ-પટેલની અથવા વંશપરંપરાના અધિકારીઓની સેવાનું નિયમન કરવા માટે અમલમાં હોય તે જોગવાઈઓ હેઠળ હોદ્દો ધરાવતા પોલીસ-પટેલની બાબતમાં, મેજિસ્ટ્રેટનો એવો અભિપ્રાય થાય કે પોલીસ-પટેલને બરતરફ કરવો જોઈએ. તો તેણે તેનો કેસ રાજ્ય, સરકારને મોકલવો જોઈશે અને રાજ્ય સરકાર તે અંગે પોતાને યોગ્ય લાગે તે હુકમો કરી શકશે.]

૫[૯-ક. કોઈ પોલીસ-પટેલ ઉપર અથવા ગામના પોલીસ મહેકમના સભ્ય ઉપર જેનું તહોમત મૂકવામાં આવ્યું હોય તે ગુના માટે તેની ઉપર ફોજદારી કાર્યવાહી કરવાને ઉપર છેલ્લી કલમમાંના કોઈ મજકૂરથી અસર થશે નહિ. ફોજદારી કામ ચલાવવાની પાત્રતાને અસર થશે નહિ.

૬[જિલ્લા મેજિસ્ટ્રેટ] જેની ઉપર એવીકોઈ ફોજદારી કાર્યવાહી કરવામાં આવી હોય તે વ્યક્તિને તેની તપાસ અને ઈન્સાફી કાર્યવાહી ન થાય ત્યાં સુધી નોકરીથી મોકૂફ રાખી શકશે.] ઈન્સાફી કાર્યવાહી દરમિયાન નોકરીમાંથીમોકૂફ રાખવાની સત્તા.

---

૧. સન ૧૯૫૧ ના મુંબઈના ૨૩ મા અધિનિયમની કલમ ૨, અનુસૂચિના ભાગ-૩ થી, " જે મેજિસ્ટ્રેટના " એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૨. મુંબઈ ગ્રામ-પોલીસ અધિનિયમ (સુધારા) અધિનિયમ, (સન ૧૮૭૬ ના મુંબઈના ૧ લા) ની કલમ ૨ થી કલમ ૯ દાખલ કરી છે.

૩. સન ૧૯૫૧ના મુંબઈના ૨૩મા અધિનિયમની કલમ ૨, અનુસૂચિના ભાગ-૩ થી પહેલાં વર્ગના કોઈપણ મેજિસ્ટ્રેટના " એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૪. સન ૧૯૬૧ના ગુજરાતના ૩૭મા અધિનિયમની કલમ ૬ થી " મેજિસ્ટ્રેટનો અભિપ્રાય " એ શબ્દોથી શરૂ થતાં અને "હુકમો કાઢી શકશે " એ શબ્દોથી પૂરા થતાં શબ્દોને બદલે આ મજકૂર મૂકયો છે.

૫. મુંબઈ ગ્રામ-પોલીસ અધિનિયમ (સુધારા) અધિનિયમ, ૧૮૭૬ (સન ૧૮૭૬ના મુંબઈના ૧ લા ) ની કલમ ૩ થી કલમ ૯-ક દાખલ કરી છે.

૬. સન ૧૯૫૧ના મુંબઈના ૨૩મા અધિનિયમની કલમ ૨, અનુસૂચિના ભાગ ૩થી, " પહેલા વર્ગના મેજિસ્ટ્રેટને " એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

**ગામમાં ગુનો કરીને ગુનેગાર નાસી ગયો હોય અથવા તે મળતો ન હોય, તો જિલ્લા પોલીસ સ્ટેશનનો ચાર્જ ધરાવતા અધિકારીને માહિતી મોકલવી.**

૧૦. ગામની હદમાં ગુનો કરીને ગુનેગાર નાસી ગયો હોય અથવા તે મળતો ન હોય, તો પોલીસ પટેલે પોતાનું ગામ જે જિલ્લા પોલીસ સ્ટેશનની હદમાં આવેલું હોય તેનો ચાર્જ ધરાવતા પોલીસ અધિકારીને તે વિષે તરત જ ખબર મોકલવી જોઈશે અને પોતાની જાતે તે બાબત તપાસ કરવાનું શરૂ કરવું જોઈશે અને તે બાબત જે કંઈ પુરાવો મળે તે લઈને સદરહુ અધિકારીને મોકલવો જોઈશે.

**ગામમાં કોઈ વ્યકિત અકુદરતી અથવા અકસ્માતથી મૃત્યુ પામે, અથવા ગામમાં શબ મળી આવે તો પંચનામું કરવા બાબત.**

૧૧. (૧) ગામની હદમાં કોઈ વ્યકિત અકુદરતી અથવા અકસ્માતથી મૃત્યુ પામે અથવા કોઈ શબ મળી આવે, તો પોલીસ-પટેલે તે ગામની અથવા તેની પડોશની કે બે વધારે બુદ્ધિશાળી વ્યકિતઓને પંચનામું કરવા માટે તુરત બોલાવવી જોઈશે, તે પછી તેઓએ મૃત્યુના કારણોની તથા તે કેસને લગતા તમામ સંજોગોનું અન્વેષણ કરી તેનો લેખિત રિપોટ કરવો જોઈશે, તે રિપોર્ટ પોલીસ પટેલે જે જિલ્લા પોલીસ સ્ટેશનની હદની અંદર ગામ આવેલું હોય તેનો ચાર્જ ધરાવતા પોલીસ અધિકારીને તરત જ પહોંચતો કરવો જોઈશે.

**પંચમાં બેસવાની ના કહે અથવા ગફલત કરે તો શિક્ષા થશે.**

(૨) પોલીસ પટેલ જે કોઈ વ્યકિતને એવા પંચમાં બેસવાનું કહે તે વ્યકિત વાજબી કારણ વિના પંચમા બેસવાની ના કહે અથવા ગફલત કરે તો તે વ્યકિત મેજિસ્ટ્રટ સમક્ષ દોષિત ઠર્યેથી વધુમાં વધુ પચ્ચાસ રૂપિયા સુધીના દંડને અથવા દંડ નહી આપે તો એ મહિના સુધીની કેદની સજાને પાત્ર થશે.

**તપાસ કરવા માટે શબ સૌથી નજીકના સિવિલ સર્જન વગેરેને કયારે મોકલવું.**

(૩) મૃત્યુ કાયદા વિરૂદ્ધ કૃત્યથી થયું છે એવું પંચનામાની હકીકત ઉપરથી જણાય તો પોતાનું ગામ જે જિલ્લા પોલીસ-સ્ટેશનની હદમાં આવેલું હોય તેનો ચાર્જ ધરાવતા અધિકારીને પોલીસ પટેલે તરત તે બાબતની ખબર મોકલવી જોઈશે અને રસ્તામાં કોહી જવાના ભય વિના શબ મોકલી શકાય તેમ હોય, તો સૌથી નજીકના સિવિલ સર્જનને અથવા એવા પ્રસંગે શબો તપાસવા માટે ૧[૨[રાજ્ય] સરકારે] નીમેલા બીજા કોઈ તબીબી અધિકારીને તરતર જ મોકલવું જોઈશે, ત્યારપછી તે સિવિલ સર્જને અથવા તબીબી અધિકારીએ મૃત્યુનું કારણ નક્કી કરવાનો પ્રયાસ કરવો જોઈશે.

**પોલીસ-સ્ટેશનનો ચાર્જ ધરાવતા અધિકારી શબ બાળવાની અનુમતિ આપે નહિ ત્યાં સુધી શબ બાળવામાં વિલંબ કરી શકાય.**

શબ મોકલવામાં આવે તો તે કોહી જશે અને તેની તપાસ કરવાથી ઉપયોગી થશે નહિ અને ઉલટુ નુકશાન પહોંચશે એવા સબબથી પોલીસ-પટેલથી શબ મોકલી શકાતું ન હોય તો, જે જીલ્લા પોલીસ સ્ટેશનની હદમાં પોતાનું ગામ આવેલું હોય તેનો ચાર્જ ધરાવતા પોલીસ-અધિકારી અથવા પોતાના તાબા હેઠળના અધિકારીઓમાંથી જે અધિકારીને તેણે મોકલ્યા હોય તે અધિકારી અથવા મેજિસ્ટ્રેટ શબ બાળવાની અથવા દાટવાથી અનુમતિ આપે નહિ ત્યાં સુધી પોલીસ-પટેલે શબ બાળવાની અથવા દાટવાની રજા આપવી નહિ.

---

૧. એડેપ્ટેશન ઓફ ઈન્ડિયન લોઝ ઓર્ડર ઈન કાઉન્સિલથી "સરકાર" એ શબ્દને બદલે "પ્રાંતિક સરકાર" એ શબ્દો દાખલ કર્યા છે.

૨. કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૫૦થી "પ્રાંતિક" એ શબ્દને બદલે આ શબ્દ દાખલ કર્યો છે.

**કોઈ વ્યકિતએ ગંભીર ગુનો કર્યો હોવાનું પોલીસ પટેલ માનતો હોય ત્યારે તેને પકડાવાનો પોલીસ પટેલનો અધિકાર.**

૧૨. (૧) પોતાના ગામની હદમાં કોઈ વ્યકિતએ કાંઈ ગંભીર ગુનો કર્યો છે. એમ માનવાને પોલીસ પટેલને કારણ હોય, તો પોલીસ-પટેલે તે વ્યકિતને પકડવી જોઈએ અને પુરાવા તરીકે ઉપયોગી થવાનો સંભવ હોય તે તમામ ચીજો સાથે તે વ્યકિતને પકડવી જે પોલીસ-સ્ટેશનની હદમાં પોતાનું ગામ આવેલું હોય તો તેનો ચાર્જ ધરાવતા પોલીસ-અધિકારી પાસે મોકલવી જોઈશે.

**પકડેલી વ્યકિતને પોલીસ સ્ટેશને મોકલવા બાબત.**

(૨) એવી રીતે પકડાયેલી દરેક વ્યકિતને ચોવીસ કલાકની અંદર જે જિલ્લા પોલીસ-સ્ટેશનની હદમાં પોતાનું ગામ આવેલું હોય તે પોલીસ-સ્ટેશને મોકલવી જોઈશે.

**સાક્ષીઓ બોલાવવાની તપાસવાની, પુરાવો નોંધવાનીઅને સંતાડેલી ચીજો માટે ઝડતી લેવાની સત્તા.**

૧૩. (૧) ૧*****પોતાના કાર્યક્ષેત્રમાં આવતી કોઈ બાબતની તપાસ કરતી વખતે પોલીસ પટેલને સાક્ષીઓ બોલાવવાનો, તપાસવાનો, અને ૨[તેઓના કથનો નોંધવાનો] અને સંતાડેલી ચીજો માટે ઝડતી લેવાનો અધિકાર રહેશે. પરંતુ અગત્યની બાબત સિવાય આવી ઝડતી રહેણાંકના મકાનમાં સૂર્યાસ્તથી સૂર્યોદય સુધી લેવી નહિ તેની પોલીસ-પટેલે કાળજી રાખવી.

**બીજાં ગામોની હદમાં દાખલ થવાની સત્તા.**

(૨) ઝડતી લેવા માટે અથવા ગુનેગાર હોવાનું મનાતી વ્યકિતનો પીછો કરવા માટે બીજા ગામોની હદમાં દાખલ થઈ પોતાની કામગીરી બજાવવાનો પણ તેને અધિકાર રહેશે. પરંતુ તેણે ગામના પોલીસ-પટેલને તે બાબતની તરત ખબર આપવી જોઈશે. તે ગામના પોલીસ પટેલે પોતાનાથી બને તેટલી મદદ કરવી જોઈશે, અને ઝડતી લેવાનું તથા પીછો કરવાનું કામ ચાલુ રાખવાની તાત્કાલિક જવાબદારી બીજા પોલીસ પટેલની રહેશે.

૧૪. ૩[નાના હુમલા અથવા ગાળાગાળી માટે ઈન્સાફી કાર્યવાહી કરી શિક્ષા કરવાની સત્તા] સન ૧૯૪૯ના મુંબઈનાં ૨૮ મા અધિનિયમથી રદ કરી.

---

૧. સન ૧૯૬૧ના ગુજરાતના ૩૪મા અધિનિયમની કલમ ૭(૧) થી " જે મુકદ્દમામાં શિક્ષા કરવાનો પોતાને અધિકાર નહિ હોય તે મુકદ્દમાની" એ શબ્દો કમી કર્યા છે.

૨. એજનની કલમ ૭ (૨) થી " પ્રતિજ્ઞા લેવડાવી ને તેઓને જુબાની લેવાનો " એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૩. સન ૧૯૪૯ના મુંબઈનો ૨૮મા અધિનિયમની કલમ ૨થી કલમો ૧૪ થી ૧૮ (બંને સહિત) કમી કરી છે.

પરંતુ બૃહદ મુંબઈના કાયદા અને મુંબઇની હાઈકોર્ટ ( ની હદ જાહેર કરવા ) બાબતના અધિનિયમ ૧૯૪૫ (સન ૧૯૪૫ના મુંબઈના ૨૭મા)ની અનુસૂચિના ભાગ ૨માં નિર્દિષ્ટ કરેલા ગામોમાં મુખ્ય પ્રેસિડન્સી મેજિસ્ટ્રેટે અને બીજે સ્થળે જિલ્લા મેજિસ્ટ્રેટે એમ ફરમાવવું કે આ અધિનિયમ અમલમાં આવે તે તારીખે સદરહુ અધિનિયમની કલમો ૧૪, ૧૫. અને ૧૬ મુજબ કોઈ પોલીસ-પટેલ સમક્ષ અનિર્ણિત કાર્યવાહીનો નિર્ણય અને નિકાલ યથા પ્રસંગ પ્રેડિન્સી મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા મેજિસ્ટ્રેટ આ અર્થે નિર્દિષ્ટ કરે તેવા તાબાના મેજિસ્ટ્રેટે કરવો અને એવા તાબાના મેજિસ્ટ્રેટે સદરહુ અધિનિયમની જોગવાઈઓ અનુસાર હોય એવી કોઈ કાર્યવાહીનો નિર્ણય અને નિકાલ, આ અધિનિયમ પસાર કરવામાં આવ્યો ન હોય તેમ અને એવી કાર્યવાહીનો વિષય વસ્તુ હોય તે ગુનાની વિચારણા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮ (સન ૧૮૯૮ના ૫ મા ) મુજબ તેણે કરી હોય તેમ કરવો.

૧૫. [કિટલાંક ગુનેગારો ઉપર ઈન્સાફી કાર્યવાહી કરવા માટે મેજિસ્ટ્રેટે પોલીસ પટેલને અખત્યારપત્ર આપી શકશે. શિક્ષા કરવાની પટેલની સત્તા. ] સન ૧૯૪૯ના મુંબઈના ૨૮ મા અધિનિયમથી રદ કરી.

૧૬. [પ્રાણીને મારવા વગેરે ઉપર, કુવા વગેરેમાં નાહવાધોવા ઉપર અથવા તે બગાડવા ઉપર, કચરો વગેરે મૂકવા ઉપર, ગંદકી વગેરે કરવા ઉપર, ત્રાસદાયક કૃત્ય વગેરે કરવા ઉપર, ખાળકુવા વગેરેમાં ઉપદ્રવકારક ગંદો પદાર્થ એકઠો કરવા ઉપર, રાહદારી માર્ગ ઉપર, ઉપદ્રવકારક ગંદો પદાર્થ વહે તેમ કરવા ઉપર, પીવાનું પાણી બગડે તે માટે મરેલાં પ્રાણીઓ નાખવા ઉપર પ્રતિબંધ કરવાનીઅને તે માટે શિક્ષા કરવાની સત્તા] સન ૧૯૪૯નામુંબઈના ૨૮મા અધિનિયમથી રદ કરી.

૧૭. [કલમો ૧૪, ૧૫ અને ૧૬ હેઠળ કાર્યવાહીઓ કેવી રીતે કરવી] સન ૧૯૪૯ના મુંબઈના ૨૮મા અધિનિયમથી રદ કરી.

૧૮. [કલમ ૧૫ મુજબ આપેલા અખત્યાર પત્ર રદ કરવાની સત્તા] સન ૧૯૪૯ના મુંબઈના ૨૮મા અધિનિયમથી રદ કરી.

**નધણિયાતી મિલકત.**

૧૯. પોલીસ પટેલે પોતાના ગામમાંથી મળી આવેલી અથવા ૧[મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧] ની જોગવાઈઓ મુજબ તેને સોંપેલી તમામ નધણિયાતી મિલકતનો હવાલો લેવો જોઈશે અને ૨[જિ એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટના] તાબા હેઠળ તે હોય તેને તરત જ રિપોર્ટ કરવો જોઈશે અને ત્યાર પછી સદરહુ મેજિસ્ટ્રેટ ફરમાવે તે પ્રમાણે તેણે વર્તવું જોઈશે પરંતુ તે મિલકત ૩[૪[ઢોર અતિક્રમણ બાબતના અધિનિયમ, ૧૮૭૧] અથવા અમલમાં હોય તેવા તે અધિનિયમને તત્સમાન કોઈ કાયદાની] જોગવાઈઓમાં નિર્દેશેલા પ્રકારની મિલકત હોય તો પોલીસ પટેલે ૫[તે અધિનયિમ અથવા કાયદા ] ને અનુસરવું જોઈશે.

**સન ૧૯૫૧ નો મુંબઈ નો ૨૨મો.**

**આ અધિનિયમ મુજબ શિક્ષા પાત્ર ગુનામાટે બીજાવિનિયમો, વગેરે મુજબ ફરિયાદ ચાલી શકશે.**

૨૦. આ અધિનિયમ હેઠળના શિક્ષાપાત્ર ગુના માટે બીજા કોઈ વિનિયમ અથવા અધિનિયમ મુજબ કોઈ વ્યક્તિ ઉપર ફોજદારી કામ માંડવાની, આ અધિનિયમના કોઈપણ મજકૂરથી મનાઈ કરી છે એમ સમજવું નહિ અથવા આ અધિનિયમની રૂએ એવા ગુના માટે ઠરાવ્યો હોય તેના કરતાં જુદો, અથવા વધારે દંડ અથવા સજા બીજા કોઈ વિનિયમ અથવા અધિનિયમ હેઠળ થવામાં તે વ્યક્તિ પાત્ર ઠરતી નથી એમ સમજવું નહિ :

---

૧. સન ૧૯૬૧ના ગુજરાતના ૩૪મા અધિનિયમની કલમ ૮(ક) થી " મુંબઈ જિલ્લા પોલીસ અધિનિયમના " એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૨. સન ૧૯૫૧ના મુંબઈના ૨૩મા અધિનિયમની કલમ ૨, અનુસૂચિ, ભાગ-૩ થી " મેજિસ્ટ્રેટના " એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૩. સન ૧૯૬૧ના ગુજરાતના ૩૪મા અધિનિયમની કલમ ૮ (ખ)થી ("ઢોર અતિક્રમણ અધિનિયમ ) સન ૧૮૫૭ ના ૩જા અધિનિયમમાં " એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૪. ઢોર અતિક્રમણ અધિનિયમ, ૧૮૭૧ની કલમ ૨ જુઓ (રદ નહિ થયેલા કેન્દ્ર અધિનિયમો).

૫. સન ૧૯૬૧ના ગુજરાતના ૩૪મા અધિનિયમની કલમ ૨(ગ) થી " તે અધિનિયમમાં એ શબ્દોને બદલે આ શબ્દો દાખલ કર્યા છે.

પરંતુ કોઈ વ્યકિતને એકના એક ગુના માટે બે વાર શિક્ષા થઈ શકશે નહિ.

પોલીસ-પટેલ ગેરહાજર રહે એકાએક માંદા પડે વગેરે માટે ની જોગવાઈ

૨૧. જરૂરી કામ માટે ગામમાંથી ગેરહાજર રહેવાને કારણે, પોતાની એકાએક માંદગીના કારણે અથવા બીજા કારણે પોલીસ-પટેલ પોતાની ફરજ બજાવી શકે નહિ ત્યારે તેણે પોતાના લાયક કુટુંબીને અથવા એવા લાયક કુટુંબી ન હોય તો બીજી કોઈ લાયક વ્યકિતને પોતાની જગાનો ચાર્જ સોંપવો જોઈશે અને પોતે જેના પ્રત્યક્ષ તાબા હેઠળ હોય તે ૧[એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટને] તે બાબત તાત્કાલિક રિપોર્ટ કરવો જોઈશે અને એવી રીતે ચાર્જ સોંપાયેલી વ્યકિતએ વિરૂદ્ધની સૂચના ન મળે ત્યાં સુધી, ૨ **પોલીસ-પટેલની તમામ ફરજો બજાવવી જોઈશે.

જિલ્લા પોલીસસ્ટેશન ની વ્યાખ્યા.

૨૨. આ અધિનિયમમાં, "જિલ્લા પોલીસ સ્ટેશન" એ શબ્દોમાં સ્ટેશનનો ચાર્જ ધરાતવાં પોલીસ અધિકારીના અધિકારીની હદનાં ગામો અથવા સ્થળોનો સમાવેશ થાય છે.

૨૩. [અમુક વિસ્તારોને અધિનિયમ, ફેરફારો સહિત લાગુ પાડવા બાબત] ગુજરાત રાજ્ય અને સમવતી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૬૦થી કમી કરી.

ટૂંકી સંજ્ઞા

૨૪. આ અધિનિયમ મુંબઈ ગ્રામ પોલીસ અધિનિયમ, ૧૮૬૭" કહેવાશે.

રદ કરવા બાબત અને અપવાદ.

સન ૧૯૬૧ નો ગુજરાતનો ૩૪મો

સન ૧૯૪૯ નો સોરાષ્ટ્ર નો અધ્યાદેશ ૩૨મો

સન ૧૮૬૭ નો મુંબઈ નો ૮મો

સન ૧૯૦૪ નો મુંબઈ નો ૧લો

૩[૨૫. મુંબઈ ગ્રામ પોલીસ (ગુજરાત વ્યાપ્તિ અને સુધારા) અધિનિયમ, ૧૯૬૧ શરૂ થયેથી, સૌરાષ્ટ્ર ગ્રામ પોલીસ વટહુકમ, ૧૯૪૯ અને ગુજરાત રાજ્યના કચ્છ વિસ્તારને લાગુ પાડયા પ્રમાણેના મુંબઈ ગ્રામ પોલીસ અધિનિયમ, ૧૮૭૬ રદ થયેલા ગણાશે.

(૨) મુંબઈ સામાન્ય કલમ અધિનિયમ, ૧૯૦૪ની જોગવાઈઓ, આવી રદ કરવાની બાબતને લાગુ પડશે :

પરંતુ આથી દર કરેલા કાયદાઓની જોગવાઈઓ મુજબ કરેલું કોઈ કાર્ય અથવા લીધેલું કોઈ પગલું આ અધિનિયમની તત્સમાન જોગવાઈઓ મુજબ કરેલું અથવા લીધેલું ગણાશે અને આ અધિનિયમની જોગવાઈઓ મુજબ કરેલાં કોઈ કાર્ય અથવા લીધેલાં કોઈ પગલાંથી રદ કરવામાં ન આવે ત્યાં સુધી અમલમાં ચાલુ રહેશે.

---

૧. સન ૧૯૫૧ના મુંબઈના ૨૩મા અધિનિયમની કલમ ૨ની અનુસૂચિ-ભાગ ૩થી, "મેજિસ્ટ્રેટને" એ શબ્દને બદલે આ શબ્દો મૂકયા છે.

૨. સન ૧૯૪૯ના મુંબઈમાં ૨૮મા અધિનિયમની કલમ ૩થી "ગુનાની ઈન્સાફી કાર્ય-વાહી કરીને શિક્ષા કરવાની કાર્યવાહી સિવાય" એ શબ્દો કમી કર્યા છે.

૩. સન ૧૯૬૧ના ગુજરાતના ૩૪મા અધિનિયમની કલમ ૯થી કલમ ૨૫ દાખલ કરી છે.

સરકારી મુદ્રણાલય, ભાવનગર.

એસ.—૭૬૫—૩.